# બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી, અમદાવાદ

**નં. એલ.એ.ક્યુ.કેસ નં ૧૪/૨૦૧૮**

જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩

**વિષય: જમીન સંપાદન - અમદાવાદ**

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે જમીન સંપાદન - અમદાવાદ
મોજે:-અચેર તા:- સાબરમતી, જી.અમદાવાદ (સાબરમતી મેટ્રો સ્ટેશન)

**સંપાદક સંસ્થા:** ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લી.) (ભારત સરકારશ્રી, અને સહભાગી રાજ્ય સરકારશ્રીનું સંયુક્ત સાહસ)

## એવોર્ડ

[ કલમ- ૨૩ અને ૨૭ નીચે ]

**પ્રસ્તાવના :-**

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે અમદાવાદ જિલ્લામાં આવતી પથરેખામાં આવતાં શહેરી વિસ્તારોની જમીન સંપાદન કરવા માટે સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લિ.) ની તા.૦૬/૦૩/૨૦૧૮ ની જમીન સંપાદનની દરખાસ્ત કલેકટરશ્રી(અધિક ચીટનીશ શાખા ) અમદાવાદના પત્ર તા.૧૨/૦૩/૨૦૧૮ થી આ કચેરીને મળેલ. સદરહું હેતુના જમીન સંપાદન માટે **જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩** (જેનો આમાં હવે પછી "જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩" એ મુજબ ઉલ્લેખ કરેલ છે તે) ની કલમ-૧૦એ નીચે સામાજિક અસર સમીક્ષા મુક્તિની દરખાસ્ત સહિત જમીન સંપાદનની દરખાસ્તની ચકાસણી કરીને યોગ્ય જણાતાં સદરહું જમીન સંપાદનના કામે જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ અને તેમાં થયેલ ગુજરાત જમીન સંપાદન સુધારા અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૧૨) ની જોગવાઈઓ અનુસાર જમીન સંપાદનની કાર્યવાહી નીચે મુજબ કરવામાં આવી.

**(૧) અધિનિયમ નીચેના જાહેરનામા તથા તેની પ્રસિધ્ધિ :-**

| | | |
|---|---|---|
| (૧) | નવો જમીન સંપાદન કાયદો -૨૦૧૩ ની કલમ-૧૦-એ ના પ્રકરણ ૨ અને ૩ મુજબના જાહેરનામનો નંબર /તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક અમ-૨૦૧૮-૫૭૧-મ-જઅમ-૧૨૧૮-૧૪૧૬-ઘ તા.૧૭/૦૭/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામા ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૬૩૮-૧ થી ૬૩૮-૩ ઉપર તા.૧૭/૦૭/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત વર્તમાનપત્ર "નવગુજરાત સમય " માં તા.૨૬/૦૭/૨૦૧૮ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ધી ટાઈમ્સ ઓફ ઈન્ડીયા" માં તા.૨૬/૦૭/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૨) | કલમ-૧૦એના જાહેરનામાની સ્થળ પ્રસિધ્ધની વિગત | કલમ-૧૦એ ના જાહેરનામાની પ્રસિધ્ધિ તા. ૧૭/૦૭ /૨૦૧૮ થી તા.૧૪/૦૮/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૩) | નવો જમીન સંપાદન કાયદોની કલમ-૧૧(૧)અને કલમ-૪૩ મુજબના પ્રાથમિક જાહેરનામાના નં. તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: અમ-૨૦૧૮-૬૮૬-મ-જઅમ-૧૨૧૮-૧૪૧૬-ઘ તા.૨૬/૦૯ /૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ. જે જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૮૦૭/૧ થી ૮૦૭/૩ ઉપર તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા.૧/૧૦/ ૨૦૧૮ ના રોજ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ધ ઇન્ડીયન એક્સપ્રેસ "માં તા.૦૧/૧૦/૨૦૧૮ રોજ પ્રસિધ્ધ થયેલ છે. |

| | | |
|---|---|---|
| (૪) | કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ના જાહેરનામાઓની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ની નોટીસ પ્રસિધ્ધ તા૨૯/૦૯/૨૦૧૮ થી તા.૯/૧૦/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૫) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાનો નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૧૯-૪૦-મ-જઅમ-૧૨૧૮-૧૪૧૬-ધ તા.૧૦/૦૧/૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં. ૧૦૯/૧ થી ૧૦૯/૨ ઉપર તા.૧/૦૨/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા.૨૪/૦૧/૨૦૧૯ અને અંગ્રેજી વર્તમાનપત્ર " ફાઈનાન્સીયલ એક્સપ્રેસ" માં તા.૨૪/૦૧/ ૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૭) | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૨૨/૧/૨૦૧૯ થી તા.૨૯/૦૧/૨૦૧૯ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૮) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૨૦-૭૬-મ-જઅમ-૨૦૧૮-૧૪૧૬-ધ તા.૦૧/૦૨/૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં. ૧૦૯/૧ થી ૧૦૯/૨ ઉપર તા.૧/૦૨/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "દિવ્ય ભાસ્કર " માં તા.૧૨/૦૨/૨૦૨૦ અને અંગ્રેજી વર્તમાનપત્ર "અમદાવાદ મીરર" માં તા.૧૨/૦૨/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૯) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના ના સ્થળ પ્રસિધ્ધિની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૦૭/૨/૨૦૨૦ થી તા.૧૩/૨/૨૦૨૦ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |

જમીન સંપાદન ધારાની કલમ- ૧૧ (૧) નું જાહેરનામું તથા હેઠળની નોટીસની બજવણી નિયમાનુસાર કરીને સદરહું જમીન સંપાદન સામે વાંધાઓ હોય તો તે નિયત ૬૦ દિવસની સમયમર્યાદામાં રજુ કરવા જણાવવામાં આવેલ. તેના અનુસંધાને સદરહું જાહેરનામા સામે કોઈ વાંધા રજુ થયેલ નથી. જેથી કાયદાની કલમ ૧૫(૨) નીચે માહિતિ શૂન્ય હોય તે અંગેના અહેવાલ સાથે જમીન સંપાદન અધિનિયમની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ નં. ૧૪/૨૦૧૮ /મેટ્રો રેલ /આખરી જાહેરનામા /કલમ-૧૯(૧)/ અચેર/ વશી-૩૨૮૯/૨૦૧૮, તા.૧૦/૧૨/૨૦૧૮ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ. તેના અનુસંધાને જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯ (૧) હેઠળનું આખરી જાહેરનામું સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંક:અમ-૨૦૧૯-૪૦-મ-જઅમ-૧૨૧૮-૧૪૧૬-ધ, તા.૧૦/૦૧/૨૦૧૯ થી મંજુર કરી, યાદી નં.જઅમ- ૧૨૧૮-૧૪૧૬-ધ, તા.૧૦-૦૧-૨૦૧૯ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ. જે મુજબ કલમ-૧૯ (૧) નું આખરી જાહેરનામું તા.૧૦/૦૧/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ. ત્યારબાદ સદર જાહેરનામાની મુદત તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ પુરી થતી હોવાથી જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯ (૭) હેઠળ મુદત વધારી આપવા બાબતનુ જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ/કેસ નં.૧૪/૨૦૧૮/મેટ્રો રેલ જમીન સંપાદન/અચેર/કલમ-૧૯(૧)/વશી-૫૧/૨૦૨૦ તા.૩/૦૧ /૨૦૨૦ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ. જે સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંક: અમ-૨૦૨૦-૭૬-મ-જઅમ-૧૨૧૮-૧૪૧૬-ધ, તા.૧/૦૨/૨૦૨૦ થી મંજુર કરી યાદી નં.જઅમ-૨૦૧૮-૧૪૧૬-ધ,તા.૦૧/૦૨/૨૦૨૦ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ.

(૨) જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૧(૧)(૨) હેઠળની જાહેર નોટીસ તથા કલમ-૨૧(૪)(૫) નીચેની વ્યક્તિગત નોટીસોની અત્રેની કચેરીએથી તા.૨૫ /૦૩/૨૦૧૯ તથા ૨૦/૦૯/૨૦૧૯ ના રોજ બજવણી કરવામાં આવેલ. જે નોટીસ સરકારી ચાવડી તથા સંપાદન થતી જમીનના સ્થળે જોઇ શકાય તેવી જગ્યાએ ચોંટાડવામાં આવેલ અને સંબંધિત હિતધારક/કબજેદારોના હક્કદાવાની સુનાવણી અત્રેની કચેરીમાં તા.૫/૦૪/૨૦૧૯, તા. ૨૨/૦૪/૨૦૧૯, ૨૨/૧૦/૨૦૧૯ તથા તા. ૧૫/૧૧/૧૯ ના રોજ રાખવામાં આવેલ છે.

(૩) **માલીકી હક્ક :-**

મોજે:-અચેર તા:- સાબરમતી, જી.અમદાવાદની સંપાદન થતી જમીનો/મિલકતોના ગા.નં.૭/૧૨ તથા કબજા હકના સરકારી મહેસુલી રેકર્ડના દસ્તાવેજી પુરાવાઓમાં જણાવેલ કબજેદારોના નામ ખરા માનવામાં આવે છે.

(૪) **સંપાદન થતી જમીન / મિલકતની સંયુક્ત માપણી:-**

સંયુક્ત માપણીના ફકરા નં.૧૦૪ માં જણાવ્યા મુજબ કલમ-૧૯ હેઠળના આખરી જાહેરનામામાં સમાવિષ્ટ કર્યા મુજબની આ સાથેના પરિશિષ્ટ-એ માં જણાવેલ જમીનના કબજેદાર/હિતધારકોની સંપાદન થતી જમીનના ક્ષેત્રફળ કે તેની સંયુક્ત માપણી સામે કોઇ વાંધા ઉઠાવેલ નથી. જેથી સંયુક્ત માપણીના ક્ષેત્રફળને ચુકાદાના હેતુ માટે સાચું ગણવામાં આવે છે.

(૫) **સંપાદન થતી જમીનની સ્થળ, સ્થિતનું વર્ણન :-**

સંપાદન હેઠળની જમીન અચેરની હદ માં આવેલ છે. તથા આ જમીન બિનખેતી ઉપયોગની ચાલી આવે છે. સંપાદન હેઠળની જમીનો સમતળ સપાટી ધરાવતી જમીનો છે. સંપાદન હેઠળની જમીનો બિનખેતીની છે.

(૬) **વળતર દાવા અંગે હીત ધરાવનાર કબજેદારોની રજુઆત :-**

વળતરના હકદાવાની સુનાવણી વખતે વળતરની માંગણીના સમર્થનમાં હિત ધરાવતી કોઇપણ વ્યક્તિ તરફથી કોઇ પુરાવા રજુ કરેલ નથી. જેથી વિગતવાર ચર્ચા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૭) **દાવાના સમર્થનમાં હીત ધરાવનાર કબજેદારોની રજુઆત :-**

વળતરના હકદાવાના સમર્થનમાં હિતધારક/કબજેદારો તરફથી રજુઆત થયેલ છે પરંતુ કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. આ અંગે પરિશિષ્ટ-બી માં માહિતિ દર્શાવેલ છે.

(૮) **વળતરના દાવા અંગે સંપાદક સંસ્થાની રજુઆત :-**

સંપાદક સંસ્થાને હક-દાવાની સુનાવણી વખતે હાજર રહેવા માટે લેખિત જાણ કરેલ હોવા છતાં સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. તરફથી સુનાવણીમાં કોઇ પ્રતિનિધિ હાજર રહેલ નથી કે કોઇ લેખિત પુરાવા રજુ કરેલ નથી.

(૯) **જમીનનું મુલ્યાંકન:-**

જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૨૬ ૨૭, ૨૮, ૨૯, ૩૦ ને ૮૦ ની જોગવાઇઓ મુજબ સદરહું કેસમાં સંપાદિત જમીનનું વળતર નક્કી કરવાનું રહે છે. તદ્નુસાર જમીન. સંપાદન અધિનિયમની કલમ-૨૬(૧)(સી) નીચેના પ્રોવીઝોની જોગવાઇ મુજબ જમીન સંપાદન અધિકારીશ્રીએ સંપાદન હેઠળની જમીનનું, સદરહું અધિનિયમની કલમ-૧૧(૧) નીચેનું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખની સ્થિતિએ બજાર કિંમત નક્કી કરવાની રહે છે. તદ્નુસાર સંપાદન હેઠળની જમીનની બજાર કિંમત નક્કી કરવા માટે અધિનિયમની કલમ-૨૬(૧) ની જોગવાઇઓ પ્રમાણે બજારભાવ નક્કી કરવાનો થાય છે. તે હેતુ માટે મોજે:-અચેર તા:સાબરમતી, જી.અમદાવાદની જમીનોના સંપાદન માટે અધિનિયમની કલમ-૧૧(૧) નીચેના પ્રાથમિક જાહેરનામાની તારીખ ૨૬/૦૯/૨૦૧૮ની અગાઉના ત્રણ વર્ષના બિનખેતીની જમીનોના વેચાણો આધારે મળેલ પ્રતિ ચો.મી. જમીનના વેચાણ ભાવોને ઉતરતા ક્રમે ગોઠવેલ છે. તેમાં બિનખેતીની જમીનો માટે ઉપલબ્ધ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં આ સાથેના પરિશિષ્ટ-સી-Shee-I મુજબ સરેરાશ વેચાણ કિંમત મળેલ છે. સંપાદન હેઠળના ટી.પી .નં ૨૩ (સાબરમતી) ના ફા.પ્લોટ નં.૪૪૪,૪૪૭,૪૪૮,૪૪૯, ૪૭૦ અને ૪૭૧ નો સને -૨૦૧૧ની પ્રવર્તમાન જંત્રી મુજબનો વેલ્યુઝોન ૨૩/૧ છે. અને તેનો ખુલ્લા પ્લોટનો જંત્રી ભાવ રૂ.૧૦૭૫૦/-પ્રતિ ચો.મી.છે. ટી.પી સ્કીમ નં. ૨૩ માં તા.૨૭-૦૯-૨૦૧૫ થી તા. ૨૬-૦૯-૨૦૧૮ સુધીમાં ૧૫ ખુલ્લા પ્લોટના વેચાણ થયેલ છે. આ વેચાણો સંપાદન કરવાની થતી જમીનથી ૧.૨ કિં.મી ના એરીયલ અંતરમાં આવેલ છે. આ વેચાણોને ઉતરતા ક્રમમાં ગોઠવી તેના ૫૦ ટકા ઉંચા વેચાણોની સરેરાશ કાઢતાં તેની સરેરાશ રૂ.૪૩૯૧૨/- પ્રતિ ચો.મી.આવે છે. તેથી સંપાદીત જમીનનો બજારભાવ નીચે મુજબ છે. તેના અનુસંધાને સંપાદન હેઠળની જમીનના નક્કી કરેલ બજાર ભાવ પરિશિષ્ટ-સી Sheet-II મુજબ મળેલ છે. આ કામે પરિશિષ્ટ-એ મુજબ સંપાદિત થતી દરેક ફા.પ્લોટ નં.ની બિનખેતીની જમીન માટેના, કલમ-૧૧(૧) ના પ્રાથમિક જાહેરનામાની તારીખે પ્રવર્તમાન જંત્રી ભાવોને ઉક્ત સંપાદિત થતી જમીનનો બજાર ભાવ નક્કી કરવાના કામે ધ્યાને લીધેલ છે અને આ સરેરાશ વેચાણ કિંમત અને જે તે ફા.પ્લોટ નં.ની જમીનના પ્રવર્તમાન જંત્રી ભાવ પૈકી જે રકમ ઊંચી હોય તેને સદરહું સંપાદન હેઠળની જમીનના સ્વીકૃત બજાર ભાવ તરીકે પરિશિષ્ટ-સી ના Sheet-II માં જણાવવામાં આવેલ છે. તે Sheet-II માં જણાવેલ સ્વીકૃત બજારભાવને સંબંધિત સી.સ.નં.ની સંપાદિત જમીન માટે ચૂકવવાનું વળતર નક્કી કરવા માટેના બજાર ભાવ તરીકે ઠરાવવામાં આવે છે અને તે મુજબ ગણતરી કરીને નક્કી કરેલ સંપાદિત જમીનના ચુકવવાપાત્ર વળતરની વિગત પરિશિષ્ટ-ઇ માં દર્શાવવામાં આવે છે.

**(૧૦) અન્ય હક્કદાવા:-**

જમીન/મિલકતના કબ્જેદારો તથા સંપાદક સંસ્થા ધ્વારા કોઇ અન્ય હક્કદાવા રજુ થયેલ નથી. પરંતુ જે તે સંપાદિત જમીનોમાં સ્થિત સ્ટ્રક્ચર્સનું વળતર જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ની પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા મુજબ પરિશિષ્ટ-ડી માં અલગથી આકારવામાં આવેલ છે.

**(૧૧) મલ્ટી પ્લાઇંગ ફેક્ટર:-**

આ કેસમાં સંપાદન હેઠળની જમીનો શહેરી વિસ્તારની હોવાથી જમીન સંપાદન, પુન: સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૨૬ ની પેટા કલમ (૨) અને પ્રથમ અનુસૂચિની જોગવાઇ મુજબ, ઉપરોક્ત પેરા-(૯) ની વિગતે આકારેલ વળતર માટેની બજાર કિંમતને ૧ (એક) ગુણાંકથી ગુણીને મળેલ એકંદર બજાર ભાવ આધારે સંપાદન હેઠળની જમીનની વળતરની કુલ કિંમત પરિશિષ્ટ-ઇ મુજબ નક્કી કરવામાં આવેલ છે.

**(૧૨) સોલેશ્યમ :-**

જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ની કલમ-૨૬ હેઠળ સંપાદિત જમીનના વળતર માટે પેરા (૯) અને (૧૧) ની વિગતે નક્કી થયેલ બજાર કિંમત ઉપર ૧૦૦% સોલેશ્યમ (વળતર રાહત) ની રકમ આકારવામાં આવેલ છે.

**(૧૩) ૧૨ ટકા પ્રમાણે ભાવવધારો:-**

સદરહુ કેસમાં સંપાદન હેઠળની જમીન માટે નક્કી કરેલ બજાર કિંમત ઉપર કાયદાની કલમ-૧૦એ નીચેના જાહેરનામાથી મળેલ SIA મુક્તિના અનુસંધાને કલમ-૩૦(૩) મુજબ સંપાદિત જમીન માટે અધિનિયમની કલમ-૧૧(૧) ના જાહેરનામાની તારીખથી એવોર્ડની તારીખ સુધી પુરા થતાં વર્ષ અને માસ માટેની મુદત સુધી આ કેસમાં ૧૨% ભાવ વધારો આકારવામાં આવેલ છે.

**(૧૪) વ્યાજની ચુકવણી:-**

સદરહું કેસમાં સંપાદન હેઠળની જમીનનો આગોતરો કબજો લેવામાં આવેલ નથી. જેથી કલમ-૮૦ નીચે કાંઇ પણ વ્યાજની ચૂકવણી કરવાની થતી નથી.

**(૧૫) આગોતર વળતર :-**

સદરહુ કેસમાં આગોતર વળતરની ચૂકવણી કરવામાં આવેલ નથી.

**(૧૬) જમીન સંપાદનના કેસોમાં સરકારશ્રી દ્વારા મહેકમ ખર્ચ વસુલ કરવા બાબત:**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ એલએક્યુ/૨૦૧૯/૨૦૦૬-ઘ, તા.૨૬/૧૨/૨૦૧૯ થી, બોર્ડ, કોર્પોરેશન, નેશનલ હાઇવે, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન વિગેરે જેવી કોઇ સંસ્થા, બોર્ડ, કોર્પોરેશન માટે જમીન સંપાદનના કેસોમાં સંબંધિત સંપાદક સંસ્થા પાસેથી મહેકમ ખર્ચ વસુલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ પરિપત્રની જોગવાઇ મુજબ, સંપાદક સંસ્થા બોર્ડ, કોર્પોરેશન માટે સંપાદન થયેલ જમીનના એવોર્ડથી આકારેલ કુલ વળતર રૂા. ૧ કરોડ થી વધુ પરંતુ ૫ કરોડ સુધી (પાંચ કરોડ) થી વધુ હોય ત્યાં, કુલ વળતરની રકમના ૧% અથવા રૂા. ૧,૦૦,૦૦૦/- બેમાંથી જે વધારે રકમ હોય તે, રકમ મહેકમ ખર્ચ તરીકે વસુલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહે છે. સદરહુ કેસમાં કુલ સંપાદિત થયેલ ક્ષેત્રફળ ૨૪૪.૩૧ ચો.મી. જમીન માટે કુલ રૂા. ૨,૪૨,૫૩,૨૪૦/- નું વળતર આકારવામાં આવેલ હોઇને, તેના ૧% રકમ તરીકે રૂા ૨,૪૨,૫૩૨/- સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. પાસેથી અધિનિયમની કલમ-૯૫ ની જોગવાઇ મુજબ અત્રેની કચેરીમાં જમા કરાવ્યેથી અત્રેની કચેરીએથી સરકારી તિજોરીમાં જમા કરાવવા ઠરાવું છું.

**(૧૭) જમીનનો ઉપયોગ બદલવા માટે જમીનના કબજેદાર/ ખાતેદારે સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા બાબત :-**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બખપ-૧૦૭૯-૧૬૮-ક, તા.૧૩/૨/૧૯૭૯ થી કરેલ જોગવાઇ અનુસાર, સંપાદન થયેલ જમીનો જ્યારે સંપાદક સંસ્થાને બીનખેતીના ઉપયોગ માટે અપાય ત્યારે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ- ૬૭એની જોગવાઇઓ હેઠળ નિયમ મુજબનો રૂપાંતર વેરો વસુલ કરવાનો થાય છે. સદરહુ હેતુસર, ગુજરાત સરકારશ્રી દ્વારા, ગુજરાત જમીન મહેસુલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬, (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૩) તા. ૨૧/૩/૨૦૧૬ થી ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. જે સુધારા અધિનિયમ ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૧/૩/૨૦૧૬ ના ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ ગુજરાત કાયદા નં-૩/૨૦૧૬ અનુસાર તા.૨૧/૩/૨૦૧૬થી સમગ્ર ગુજરાત રાજ્યમાં અમલમાં આવેલ છે. સદરહુ સુધારા અધિનિયમની કલમ-૬ ની પેટા કલમ-(૪) થી ગુજરાત રાજ્યમાં જમીનના બીનખેતી ઉપયોગ માટે સરકારશ્રીને ભરવાપાત્ર રૂપાંતરવેરાના નક્કી કરેલ સુધારેલ દરો મુજબ મોજે:-અચેર તા:-સાબરમતી, જી.અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના અમલીકરણના હેતુ માટે સંપાદન કરેલ શહેરી વિસ્તારની ખેતીની જમીનોનો બિનખેતી ઉપયોગ કરવા માટે સદરહુ પેટા કલમ મુજબ રૂા. ૩૦/- પ્રતિ ચો.મી. લેખે સંપાદિત જમીનના કુલ ક્ષેત્રફળ મુજબની રકમ સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી. એ ગુજરાત સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા ઠરાવું છું.

**(૧૮) સંપાદન થયેલ જમીન અંગે સંપાદક સંસ્થાએ બિનખેતી ઉપયોગ માટે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ અને નિયમ-૮૬ મુજબ બિન-ખેતી આકાર ભરવા બાબત :-**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક: એલએક્યુ/૨૨૬૬/એલ.એ-૪ તા.૧૬/૫/૧૯૬૭ થી સંપાદક સંસ્થાએ સંપાદિત થયેલ જમીનો અંગે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ મુજબ બિન-ખેતી હેતુનું મહેસુલ ભરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહું પરિપત્રની જોગવાઇ મુજબ, આ હેતુ માટે સંપાદક

સંસ્થા પાસેથી બિનખેતીનો આકાર વસુલ કરવા માટે અને તે આકાર કઇ તારીખથી વસુલ કરવો તે નક્કી કરવા માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૬ ની જોગવાઇઓને અનુસરવાની રહે છે. આ નિયમોના હેતુસર, સંપાદન થયેલી જમીનનો કબજો સંપાદક સંસ્થાને જે તારીખથી આપવામાં આવે તે તારીખથી તેમને બિનખેતી ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવી છે તેમ ગણતરીમાં લેવાનું રહે છે. જેથી ગામ મોજે:-અચેર તા:- સાબરમતી, જી.અમદાવાદની આ એવોર્ડથી સંપાદિત થયેલ જમીનનો સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી.ધ્વારા બિનખેતી વાણિજ્ય ઉપયોગ કરવા માટે પ્રવર્તમાન નિયમો/ઠરાવો મુજબ વસુલ કરવાપાત્ર બિનખેતી વાણીજ્ય હેતુનો વિશેષ ધારો પ્રવર્તમાન નિયમો મુજબ રૂ. ૦-૬૦ પૈસા પ્રતિ ચો.મી મુજબ વસુલ કરવાપાત્ર થાય છે. જે મુજબ પ્રવર્તમાન મહેસુલી વર્ષ માટેના બિનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની થતી કુલ રકમ તથા લાગું પડતા અન્ય વેરા સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી એ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી-૧ને ભરપાઇ કરવા ઠરાવું છું . તેમજ તે બાબતે ગુજરાત સરકારશ્રી ધ્વારા વખતો વખત થતા વિશેષ ધારાના સુધારેલ દરોને આધીન ભરવાપાત્ર બીનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની રકમ જે તે મહેસુલી વર્ષમાં જુલાઇ માસની ૩૧ તારીખની અંતિમ મુદત સુધીમાં સંપાદક સંસ્થાએ ભરપાઇ કરવાની રહેશે. તેમ ઠરાવું છું.

(૧૯) **<u>હુકમ :-</u>**

જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ ની જોગવાઇઓને આધીન રહીને અને ઉપરોક્ત વર્ણવેલ તમામ વિગતોને ધ્યાને લઇને આથી જાહેર કરવામાં આવે છે કે મોજે:-અચેર તા:- સાબરમતી, જી.અમદાવાદની પરિશિષ્ટ-એ માં દર્શાવેલ જમીનો અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સંપાદન કરવામાં આવે છે અને નીચેની વિગતે સંપાદિત જમીનનું વળતર તથા પેરા (૧૬) ની વિગતે મહેકમ ખર્ચ આકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | સંપાદન થતી જમીનનું કુલ ક્ષેત્રફળ ચો.મી.(પરિશિષ્ટ-એ) | ૨૪૪.૩૧ |
| (૨) | સંપાદન થયેલ જમીન/મિલકતનું કુલ વળતર રૂા. (પરિશિષ્ટ-ઇ) | ૨,૪૨,૫૩,૨૪૦/- |
| (૩) | હિતધારક/કબજેદારોને ચુકવવાપાત્ર બાંધકામનું વળતર રૂા. (પરિશિષ્ટ-ડી) | ૦૦/- |
| (૪) | હિતધારક/કબ્જેદારોને ચુકવવાનું થતું કુલ વળતર રૂા. (પરિશિષ્ટ-ઈ) | ૨,૪૨,૫૩,૨૪૦/- |
| (૫) | એવોર્ડની કુલ રકમના ૧% પ્રમાણે મહેકમ ખર્ચ રૂા. | ૨,૪૨,૫૩૨/- |
| (૬) | રુપાંતર કર રૂા. | ૭૩૨૯/- |
| (૭) | એવોર્ડની કુલ રકમ રૂા. (૪+૫+૬) | ૨,૪૫,૦૩,૧૦૧/- |

ઉપરોક્ત વિગતે ક્રમ (૨) અને (૩) થી જણાવેલ અનુક્રમે ચૂકવવા પાત્ર સંપાદિત જમીનનું વળતર (પરિશિષ્ટ-ઈ) મુજબ થતું વળતર, સંપાદિત જમીનના કબજેદાર/હિતધારકોને ચૂકવવા અને ઉપરોક્ત વિગતે ક્રમ (૫) માં જણાવેલ મહેકમ ખર્ચની રકમ અત્રેની કચેરી ખાતે જમા કરાવવા માટે હુકમ કરવામાં આવે છે. અને ક્રમ (૬) માં જણાવેલ રૂપાંતર કરની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા માટે અત્રેની કચેરી ખાતે જમા કરાવવા તથા પેરા-(૧૮) મુજબ ભરવાપાત્ર બિનખેતી આકાર સંપાદક સંસ્થાએ બારોબાર સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી-૧ અમદાવાદને ભરપાઇ કરવા ઠરાવુ છુ.

(૨૦) સંપાદીત થતી જમીનનો કબજો સંભાળ્યા તારીખથી તે જમીનનું ક્ષેત્રફળ તથા તેનો વરાડે આકાર કમી કરવાની કમીજાસ્તી પત્રકોની અસર આપવાની તથા સંપાદિત જમીનની બિનખેતી મહેસુલની આકારણી કરવાની કાર્યવાહી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી-૧, અમદાવાદે કરવાની રહેશે. તેમજ સદરહું એવોર્ડથી સંપાદિત થતી જમીનની નોંધ સંબંધિત સીટી સર્વેના રેકર્ડમાં કરવાની રહેશે.

(૨૧) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી-૧, અમદાવાદને સદરહું એવોર્ડ મુજબ સંપાદિત થતી જમીનની કપાતની અસર આપવા માટે કમીજાસ્તી પત્રક તૈયાર કરીને સંબંધિત મહેસુલી રેકર્ડમાં જરૂરી સુધારો કરવા સુચના આપવામાં આવે છે.

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

સ્થળ:- અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ :- 03/૧૧/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ :-03/૧૧/૨૦૨૦

નકલ રવાના:-

(૧) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી-૧
જીલ્લા મોજણી સેવા સદન, મોજણી ભવન નવા વાડજ, અમદવાદ
તરફ જાણ તથા આગળની કાર્યવાહી કરવા સારું.

(૨) ચીફ જનરલ મેનેજરશ્રી (કોર્પોરેટ પ્લાનીંગ)
ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ.
બ્લોક નં ૧, કર્મયોગી ભવન
સેકટર-૧૦ એ,ગાંધીનગર.
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

પરિશિષ્ટ-એ

એલએક્યુ કેસ નં- ૧૪/૨૦૧૮

મોજેઃઅચેર　　તા.સાબરમતી　　જી. અમદાવાદ

સંપાદન થતી જમીનની વિગત દર્શાવતું પત્રક

હેતુઃ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે

| અ.નં. | ટી.પી.એસ. | એફ પી નં. | સીટી સ.નં. | સંપાદન ક્ષેત્રફળ ચો.મી. | જમીનનો પ્રકાર | જમીનની જાત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૩ (સાબરમતી) | ૪૪૭ | ૫૭૩૧ | ૭.૩૧ | ખાનગી | બિનખેતી | |
| ૨ | ૨૩ (સાબરમતી) | ૪૪૮ | ૫૭૩૨ | ૮ | ખાનગી | બિનખેતી | |
| 3 | ૨૩ (સાબરમતી) | ૪૪૯ | ૫૭૩૩ | ૫ | ખાનગી | બિનખેતી | |
| ૪ | ૨૩ (સાબરમતી) | ૪૭૦ | ૫૭૪૩ | ૧૮ | ખાનગી | બિનખેતી | |
| ૫ | ૨૩ (સાબરમતી) | ૪૭૧ | ૫૭૮૯ | ૨૦૬ | ખાનગી | બિનખેતી | |
| કુલ | | | | ૨૪૪.૩૧ | | | |

સ્થળ: અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ:03/૧૧/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ:03/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

પરિશિષ્ટ-બી
વળતર બાબતે હકદાવા અંગેનું પત્રક
એલએક્યુ કેસ નં- ૧૪/૨૦૧૮

મોજે:અચેર    તા. સાબરમતી    જી. અમદાવાદ

હેતુ: અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે

| અ.નં | હીત સંબંધ ધરાવનાર | ટી.પી.નં | એફ.પી.નં. | સીટી સ.નં. | ક્ષેત્રફળ ચો.મી .(આશરે) | હક દાવાની રજુઆત |
|---|---|---|---|---|---|---|
| ૧ | એકઝીક્યુટીવ એન્જીનીયર ઓઇલ એન્ડ નેચરલ ગેસ કમિશન | ૨૩(સાબરમતી) | - | ૫૭૩૧ | ૭.૩૧ | પ્રશ્નવાળી જમીનની બજાર કિંમત તથા નુકશાનની રકમ વળતર તરીકે આપવાની રજુઆત છે. |
| ૨ | પ્રમુખશ્રી ધર્મનગર કો.ઓ.હા.સો.લી | ૨૩(સાબરમતી ) | - | ૫૭૩૨ | ૮ | સોસાયટીની જમીન કપાત થાય છે તેનું વળતર મળેલ નથી જેથી હાલની બજાર કિંમત કરતા ચાર ગણી રકમ આપવા તથા કપાત જમીનના એફ.એસ.આઇ.ના લાભ તથા સરકારી ધારાધોરણો મુજબ જમીનની કિંમત ગણી વળતર આપવાની રજુઆત છે. |
| 3 | શ્રી ધનામલ ખીયલમલના પુત્ર શ્રીગોપાલભાઇ ધનામલ માખીજા | ૨૩(સાબરમતી ) | - | ૫૭૪૩ | ૧૮ | પ્રશ્નવાળી જમીન અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના નામે છે, જે તેમના નામે કરવા તેમણે સરકારી ચોરા અચેરમા અરજી આપેલ છે વારસાઇમાં નામ ચઢાવવા બાબત પુરાવા રજુ કરશે તેમ જણાવેલ છે પણ રજુ કરેલ નથી. |
| ૪ | ગુજરાત ચર્ચ કાઉન્સીલ(વ.સ.)ટ્રસ્ટ | ૨૩(સાબરમતી ) | - | ૫૭૪૩ | ૧૮ | હિત ધારકની રજુઆત છે કે અરજદાર કંપનીની માલીકી કબજા ભોગવટાવાળી જમીન મોજે ગામ અચેરના ખાતા .નં ૨૮ સ.નં/બ્લોકનં.૪૮/અ/૧૧ વાળી જમીનનો હાલનો સીટી સર્વે નં.૫૭૪૩ વાળી આશરે ૫૪૧ ચો.વાર આવેલ છે. સદરહુ જમીન મેટ્રોરેલ પ્રોજેક્ટ અમદાવાદ માટે સંપાદનની કાર્યવાહી કરેલ છે અને સંપાદીત થયેલ કુલ જમીન તેઓની જણાવેલ કંપનીના માલીકી તરીકે રેવન્યુ રેકર્ડમા નોંધ નંબર -૬૯૦૬ થી ચાલતી આવેલ છે સદર જમીન તા.૨-૪-૧૯૭૫ના રોજ વેચાણ નોંધ મંજુર કરાવી અને ગામ નમુના.નં ૭ અને ૧૨માં નોંધાવેલ છે અને જે રેવન્યુ રેકર્ડમાં હાલમાં કંપનીના નામે ચાલે છે. ઉપરોક્ત હકીકત હોવા છતા જમીન જુના માલિકો પૈકી ધનામલ ખીયલમલનું નામ નમુના.નં ૭ અને ૧૨માંથી કમી થયેલ નથી. જેનો ગેરલાભ ઉઠાવી,તેઓના વારસદારના નામો ચઢાવવા માટેની અરજી આપેલ. પરંતુ તેઓની અરજી તા.૨૪-૧૨-૨૦૧૮ના રોજ નામજુર કરેલ છે,જેની નકલ તથા કામના જરૂરી કાગળો રજુ કરેલ છે. |

| અ.નં | હીત સંબંધ ધરાવનાર | ટી.પી.નં | એફ.પી.નં. | સીટી સ.નં. | ક્ષેત્રફળ ચો.મી .(આશરે) | હક દાવાની રજુઆત |
|---|---|---|---|---|---|---|
| ૫ | શ્રી કાર્તિકભાઇ જશુભાઇ પટેલ | ૨૩(સાબરમતી ) | - | ૫૭૮૯ | ૨૦૬ | હિતધરાવનારની રજુઆત છે કે મોજે અચેર તા. સાબરમતીના સર્વેનં ૧૮૮/૨ ટી.પી સ્કીમ.નં૨૩(સાબરમતી)ના ફા.પ્લોટનં.૪૭૧ જેની સી.સ.નં ૫૭૮૯ બનેલ છે.જે જમીન તેઓએ શ્રી કનુભાઇ ભઇજીભાઇ પાસેથી તા. ૨૭-૧-૧૭ ના રોજ રેજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૭/૨૦૧૭ થી વેચાણ રાખેલ છે. જેની ગામ નમુના.નં. ૬ની નોંધ ૧૩૦૫૫ તા.૨૩-૨-૧૭ ના રોજ પ્રમાણીત થતાં ઉક્ત જમીનના ૭/૧૨માં તેમનું નામ વેચાણ રાખનાર તરીકે દાખલ થઇ ગયેલ છે.અને હાલમાં પણ તેમનું નામ ચાલુ છે તથા સદરહુ જમીન બીનખેતીની છે. |

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ: ૩/૧૧/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૩ /૧૧/૨૦૨૦

પરિશિષ્ટ-સી

SHEET-I

# Metro Link Express For Gandhinagar And Ahmedabad Project

Village :ACHER Taluka: SABARMATI : District : Ahmedabad

CALCULATION OF MARKET VALUE OF LAND, BASED ON SALE DEED OF URBAN LAND, REGISTERED DURING LAST THREE YEARS (From Date: 27-09-2015 To 26-09-2018 )

| Sr No. | Value Zone NO | T.P.No | F.P.N.o | Survey No./Block No/City S.No | Sale Deed No. | Date Of Registration Of Sale Deed | Nature Of Land | Quantity Of Land Sold In Sq.Mt | Cost Of Land Rs. | Rate Per Sq. M. Rs. | Average Of Rate Per Sq.M. Rs. | Distance from acquiring land K.M. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 1 | 23/1 | 23 | 617 | 10/1 | 10381 | 11/6/2018 | N.A.Open.Plot | 1000.3 | 127500000 | 127462 | 43912 | 0.800 |
| 2 | 23/1 | 23 | 617 | 10/1 | 9900 | 4/6/2018 | N.A.Open.Plot | 1416 | 91444896 | 64580 | | 0.800 |
| 3 | 23/1 | 23 | 617 | 10/1 | 9903 | 4/6/2018 | N.A.Open.Plot | 1000.3 | 64584000 | 64565 | | 0.800 |
| 4 | 23/2/B | 23 | 161/2 | 161/2 | 2954 | 19/02/2018 | N.A.Open.Plot | 1840 | 57500000 | 31250 | | 0.425 |
| 5 | 23/2/D | 23 | 752 | 41/A/2 | 12960 | 8/8/2017 | N.A.Open.Plot | 1596 | 26500000 | 16604 | | 0.900 |
| 6 | 23/2 | 23 | 56P | 150 | 2721 | 10/3/2017 | N.A.Open.Plot | 7176 | 118500000 | 16513 | | 0.680 |
| 7 | 23/2 | 23 | 56,57 | 151 | 7645 | 15/06/2016 | N.A.Open.Plot | 1722 | 28400000 | 16492 | | 0.700 |
| 8 | 23/2 | 23 | 833/etc | 56/4 | 3726 | 28/03/2016 | N.A.Open.Plot | 535 | 7400000 | 13832 | | 1.180 |
| | | | | | | | | | | | | |
| 9 | 23/2/B | 23 | 212 | 93A | 7833 | 3/5/2018 | N.A.Open.Plot | 36.29 | 500000 | 13778 | | 0.350 |
| 10 | 23/1/B | 23 | 589 | 20/B | 12454 | 31/07/2017 | N.A.Open.Plot | 3321 | 5200000 | 10926 | | 0.340 |
| 11 | 23/2/B | 23 | 174 | 1215/2, 1213 | 13458 | 10/10/2016 | N.A.Open.Plot | 421.5 | 10500000 | 10925 | | 0.325 |
| 12 | 23/2 | 23 | 586 | 19/2B | 10422 | 11/6/2018 | N.A.Open.Plot | 1071 | 11700000 | 10924 | | 0.500 |
| 13 | 23/1/A | 23 | 429 | 173/2P | 11732 | 23/10/2015 | N.A.Open.Plot | 507 | 4360200 | 8600 | | 0.750 |
| 14 | 23/1 | 23 | 586 | 19/2B | 17896 | 10/11/2017 | N.A.Open.Plot | 2637 | 2500000 | 948 | | 0.500 |
| 15 | 23/2/B | 23 | 165 | 165 | 2477 | 12/2/2018 | N.A.Open.Plot | 6131 | 83000000 | 948 | | 0.380 |

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ:03/૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:03/૧૧/૨૦૨૦

Second Add. Special Land Acquisition Officer,
Ahmedabad

પરિશિષ્ટ-સી

SHEET-II

મોજે:અચેર, તા. સાબરમતી

એલએક્યુ કેસ નં. -૧૪/૨૦૧૮

**સંપાદન હેઠળની સર્વે નંબર ની જમીનના સ્વીકારેલ બજાર ભાવોની વિગત દર્શાવતુ પત્રક**

| અ.નં. | ટી.પી. નં. | એફ પી નં. | સીટી સર્વે નંબર | વેલ્યુઝોન નંબર | જમીનનો ઉપયોગ હેતુ ગા.ન.નં. ૭/૧૨ મુજબ | જંત્રી મુજબનો ભાવ | છેલ્લા ત્રણ વર્ષના વેચાણના સૌથી ઊંચા ૫૦% વેચાણોની સરેરાશ કિંમત | નક્કી કરેલ બજાર કિંમત રૂા. / ચો.મી. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૨૩ (સાબરમતી) | ૪૪૭ | ૫૭૩૧ | ૨૩/૧ | બિનખેતી | ૧૦૭૫૦ | ૪૩૯૧૨ | ૪૩૯૧૨ | |
| ૨ | ૨૩ (સાબરમતી) | ૪૪૮ | ૫૧૩૨ | ૨૩/૧ | બિનખેતી | ૧૦૭૫૦ | ૪૩૯૧૨ | ૪૩૯૧૨ | |
| ૩ | ૨૩ (સાબરમતી) | ૪૪૯ | ૫૭૩૩ | ૨૩/૧ | બિનખેતી | ૧૦૭૫૦ | ૪૩૯૧૨ | ૪૩૯૧૨ | |
| ૪ | ૨૩ (સાબરમતી) | ૪૭૦ | ૫૭૪૩ | ૨૩/૧ | બિનખેતી | ૧૦૭૫૦ | ૪૩૯૧૨ | ૪૩૯૧૨ | |
| ૫ | ૨૩ (સાબરમતી) | ૪૭૧ | ૫૭૮૯ | ૨૩/૧ | બિનખેતી | ૧૦૭૫૦ | ૪૩૯૧૨ | ૪૩૯૧૨ | |

એવોર્ડ લખ્યા તારીખ:03/૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:03/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,

અમદાવાદ

એલએક્યુ કેસ નં- ૧૪/૨૦૧૮

## પરિશિષ્ટ-ડી

### હિતધારક ટાઇટલ હોલ્ડર્સને બાંધકામ વિગેરેનું વળતર

મોજે: અચેર તા. સાબરમતી જી. અમદાવાદ

| અ. નં. | ટી.પી.નં. | એફ પી નં. | સીટી સર્વે નંબર | સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી) | જમીનનો પ્રકાર | સંપાદિત જમીનમાં સ્થિત બાંધકામનો પ્રકાર | આઇ.ડી.ક્રમાંક | બાંધકામનું વળતર રૂ. | ૧૦૦% સોલેશ્યમ રૂ. (એવોર્ડ પેરા-૧૨ ની વિગતે) | વળતરની કુલ રકમ રૂ. | હિતધારક કબજેદારનાં નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૨૩(સાબરમતી) | ૪૪૭ | ૫૭૩૧ | ૭.૩૧ | ખાનગી | બિનખેતી | - | ૦ | ૦ | ૦ | એક્ઝીક્યુટીવ એન્જીનીયર, ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમીશન |
| ૨ | ૨૩(સાબરમતી) | ૪૪૮ | ૫૭૩૨ | ૮ | ખાનગી | બિનખેતી | - | ૦ | ૦ | ૦ | ધર્મનગર કો.ઓ.હા.સો.લી. |
| ૩ | ૨૩(સાબરમતી) | ૪૪૯ | ૫૭૩૩ | ૫ | ખાનગી | બિનખેતી | - | ૦ | ૦ | ૦ | (૧) નાથાલાલ ડાહ્યાલાલની પેઢીના ભાગીદારો / (૨) માનવ અનિલ સંગતાની |
| ૪ | ૨૩(સાબરમતી) | ૪૭૦ | ૫૭૪૩ | ૧૮ | ખાનગી | બિનખેતી | - | ૦ | ૦ | ૦ | ૧.ધનામલ ખીયલમલ વગેરે/ ૨. ગુજરાત ચર્ચ કાઉન્સીલ વડી સભા ટ્રસ્ટ |
| ૫ | ૨૩(સાબરમતી) | ૪૭૧ | ૫૭૮૯ | ૨૦૬ | ખાનગી | બિનખેતી | - | ૦ | ૦ | ૦ | કાર્તીકભાઈ જશુભાઈ પટેલ |
| કુલ | | | | ૨૪૪.૩૧ | | | | ૦ | ૦ | ૦ | |

સ્થળ: અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ:03/૧૧/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ:03/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

# પરિશિષ્ટ-ઇ

## સંપાદન થયેલ જમીન મિલકતના એકંદર વળતરની વિગત

મોજેઃ અચેર ता. સાબરમતી જી. અમદાવાદ એલએક્યુ કેસ નં- ૧૪/૨૦૧૮

| અ.નં | ટી.પી.નં. | એફ પી નં. | સીટી સ.નં. | સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ ચો.મી | જમીનનો પ્રકાર | જમીનની જાત | હિતધારક/ કબજેદારનું નામ | સંપાદન જમીનની સ્વીકારેલ બજાર કિંમત (પરિશિષ્ટ-સી ના Sheet-II મુજબ) રૂ./ ચો.મી | મલ્ટી પ્લાઇંગ ફેક્ટર | સંપાદિત જમીનની એકંદર બજાર કિંમત રૂ./ ચો.મી | સંપાદિત જમીનની કુલ કિંમત રૂ. | ૧૦૦% સોલેશ્યમ રૂ. (એવોર્ડ પેરા-૧૨ની વિગતે) | ૧૨% ભાવ વધારો તા. ૨૬/૦૯/૨૦૧૮થી તા.૨૫/૧૧/૨૦૨૦ સુધી ૭૯૩ દિવસ (એવોર્ડ પેરા- ૧૩ ની વિગતે) | સંપાદિત જમીનનું કુલ વળતર રૂ. (કોલમ ૧૨+૧૩+૧૪) | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | ૨૩ (સાબરમતી) | ૪૪૭ | ૫૭૩૧ | ૭.૩૧ | ખાનગી | બિનખેતી | એક્ઝીક્યુટીવ એન્જીનીયર, ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમીશન | ૪૩૯૧૨ | ૧ | ૪૩૯૧૨ | ૩૨૦૯૯૭ | ૩૨૦૯૯૭ | ૮૩૬૮૮ | ૭૨૫૬૮૨ | |
| ૨ | ૨૩ (સાબરમતી) | ૪૪૮ | ૫૭૩૨ | ૮ | ખાનગી | બિનખેતી | ધર્મનગર કો.ઓ.હા.સો.લી. | ૪૩૯૧૨ | ૧ | ૪૩૯૧૨ | ૩૫૧૨૯૬ | ૩૫૧૨૯૬ | ૯૧૫૮૭ | ૭૯૪૧૭૯ | |
| ૩ | ૨૩ (સાબરમતી) | ૪૪૯ | ૫૭૩૩ | ૫ | ખાનગી | બિનખેતી | (૧) નાથાલાલ ડાહ્યાલાલની પેઢીના ભાગીદારો / (૨) માનવ અનિલ સંગતાની | ૪૩૯૧૨ | ૧ | ૪૩૯૧૨ | ૨૧૯૫૬૦ | ૨૧૯૫૬૦ | ૫૭૨૪૨ | ૪૯૬૩૬૨ | |
| ૪ | ૨૩ (સાબરમતી) | ૪૭૦ | ૫૭૪૩ | ૧૮ | ખાનગી | બિનખેતી | ૧.ધનામલ ખીયલમલ વગેરે/ ૨. ગુજરાત ચર્ચ કાઉન્સીલ વડી સભા ટ્રસ્ટ | ૪૩૯૧૨ | ૧ | ૪૩૯૧૨ | ૭૯૦૪૧૬ | ૭૯૦૪૧૬ | ૨૦૬૦૭૧ | ૧૭૮૬૯૦૩ | |
| ૫ | ૨૩ (સાબરમતી) | ૪૭૧ | ૫૭૮૯ | ૨૦૬ | ખાનગી | બિનખેતી | કાર્તીકભાઈ જશુભાઈ પટેલ | ૪૩૯૧૨ | ૧ | ૪૩૯૧૨ | ૯૦૪૫૮૭૨ | ૯૦૪૫૮૭૨ | ૨૩૫૮૩૭૦ | ૨૦૪૫૦૧૧૪ | |
| | કુલ | | | ૨૪૪.૩૧ | | | | | | | ૧૦૭૨૮૧૪૧ | ૧૦૭૨૮૧૪૧ | ૨૭૯૬૯૯૮ | ૨૪૨૫૩૨૪૦ | |

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ:03/૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:03/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

એલએક્યુ કેસ નં- ૧૪/૨૦૧૮

# પરિશિષ્ટ-એફ

## સંપાદન થયેલ જમીનના હિતધારક/કબજેદારો (ટાઇટલ હોલ્ડર) ને ચુકવવાપાત્ર એકત્રિત વળતરની રકમ

મોજે: અચેર    તા. સાબરમતી    જી. અમદાવાદ

| અ. નં. | ટી.પી.નં. | એફ પી નં. | સીટી સ.નં. | સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ ચો.મી | જમીનનો પ્રકાર | જમીનની જાત | પરિશિષ્ટ-ડી મુજબ બાંધકામ વિગેરેનું વળતર રૂા. | પરિશિષ્ટ-ઇ મુજબ સંપાદિત જમીનનું ચુકવવા પાત્ર વળતર રૂા. | કુલ ચુકવવા પાત્ર વળતર (૮+૯) રૂા. | હિતધારક કબજેદારનાં નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૨૩ (સાબરમતી) | ૪૪૭ | ૫૭૩૧ | ૭.૩૧ | ખાનગી | બિનખેતી | ૦ | ૭૨૫૬૮૨ | ૭૨૫૬૮૨ | એક્ઝીક્યુટીવ એન્જીનીયર, ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમીશન |
| ૨ | ૨૩ (સાબરમતી) | ૪૪૮ | ૫૧૩૨ | ૮ | ખાનગી | બિનખેતી | ૦ | ૭૯૪૧૭૯ | ૭૯૪૧૭૯ | ધર્મનગર કો.ઓ.હા.સો.લી. |
| ૩ | ૨૩ (સાબરમતી) | ૪૪૯ | ૫૭૩૩ | ૫ | ખાનગી | બિનખેતી | ૦ | ૪૯૬૩૬૨ | ૪૯૬૩૬૨ | (૧) નાથાલાલ ડાહ્યાલાલની પેઢીના ભાગીદારો / (૨) માનવ અનિલ સંગતાની |
| ૪ | ૨૩ (સાબરમતી) | ૪૭૦ | ૫૭૪૩ | ૧૮ | ખાનગી | બિનખેતી | ૦ | ૧૭૮૬૯૦૩ | ૧૭૮૬૯૦૩ | ૧.ઘનામલ ખીયલમલ વગેરે/ ૨. ગુજરાત ચર્ચ કાઉન્સીલ વડી સભા ટ્રસ્ટ |
| ૫ | ૨૩ (સાબરમતી) | ૪૭૧ | ૫૭૮૯ | ૨૦૬ | ખાનગી | બિનખેતી | ૦ | ૨૦૪૫૦૧૧૪ | ૨૦૪૫૦૧૧૪ | કાર્તીકભાઈ જશુભાઈ પટેલ |
| કુલ | | | | ૨૪૪.૩૧ | | | ૦ | ૨૪૨૫૩૨૪૦ | ૨૪૨૫૩૨૪૦ | |

સ્થળ: અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ:03/૧૧/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ:03/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ